લોકડાઉન દરમિયાન રાજસ્થાનમાં ફસાયેલા લોકો ગુજરાત આવ્યા

લોકડાઉનના લીધે ૫૦૦ જેટલા ગુજરાતના લોકો રાજસ્થાનના જાલોર જિલ્લાના અલગ અલગ વિસ્તારમાં ફસાયેલા હતા તે લોકોને રાજસ્થાન સરકાર દારા સાંચોર થઈને ગુજરાતની નેનાવા બોર્ડર પર મોકલવામાં આવ્યા હતા.. નેનાવા બોર્ડર પર બનાસકાંઠાના વહીવટી તંત્ર દવારા તમામ લોકોને રિસીવ કરી તેમનું સ્કેનિગ કરી તેમને માક્સ અને સૂકો નાસ્તો આપી જે જિલ્લામાં જવું હોય તે જિલ્લામાં ડીસા ડેપોની બસો દ્વારા મુકવામાં આવ્યા હતાંરાજસ્થાનથી રિસીવ કરાયેલ તમામ લોકોને પોતાના ઘર સુધી પહોંચાડવા માટે ગુજરાત એસ.ટી. ને જવાબદારી સોપાઈ છે ડીસા ડેપોની ૧૭ બસોમાં લોકડાઉનમાં ફસાયેલ લોકોને ઘરે મોકલવા રવાના કરાઈ હતી..કરછના રાપરનો એક પરિવાર સંચોર વર રાજાને પરણાવવા માટે જાનમાં ગયા હતા લોકડાઉન થતા રાજસ્થાનમાં જ ફસાઈ ગયા હતા. જાનમાં ગયેલ પરિવાર ઘરે જવા નીકળતા સંચોર પાલિકા દ્વારા સેન્ટર હોમમાં કોરન્ટાઈન કરાયો હતો.જેમને આજે બસ દ્વારા ઘરે મોકલાશે..એક મહિના થી રાજસ્થાનમાં ફસાયેલ લોકો પોતાના વતન તરફ પરત ફરતા તેમના ચહેરા પર ખુશીનો માહોલ છે.

ઈડર પોલીસે હોમગાર્ડ જવાનનો જન્મદિવસ ઉજવી મનોબળ વધાર્યું

સમગ્ર વિશ્વ અને દેશ અત્યારે કોરોના વાયરસના મહામારીમાંથી પસાર થઈ રહ્યુ છે. ત્યારે ઈડર પોલીસે કોરોના વાયરસ વધુ ના ફેલાય તે માટે રાત દિવસ અડીખમ ઉભા રહી ફરજ બજાવી રહેલાં હોમગાર્ડ જવાનનો જન્મદિવસ ઉજવી મનોબળ વધાર્યું હતુ. હોમગાર્ડ જવાન કમલેશ વણઝારાના જન્મદિવસની ઉજવણી ફરજની જગ્યા ઉપર સોશિયલ ડિસ્ટન્સિગનું ધ્યાન રાખી ઉજવવામાં આવી હતી. ઉપસ્થિત તમામ લોકોએ જવાનને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

પાલનપુરના વાસણી ગામના યુવકનો અમદાવાદમાં કોરોના રિપોર્ટ પોઝિટિવ

યુવક ઘરે આવીને ગયો હોઈ પરિવારજનોને હોમ કોરેન્ટાઇન કરાયા

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના વાસણી ગામના યુવકનો અમદાવાદ ખાતે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જોકે, આ યુવક વાસણી ગામે તેના પરિવારજનોને અગાઉ મળી ગયો હોઈ બુધવારે આરોગ્ય વિભાગ દ્વારા ગામમાં સર્વે કરાયું હતું. તેમજ યુવકના સંપર્કમાં આવેલા પરિવારજનો સહિતના વ્યક્તિઓને હોમ કોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા.

બનાસકાંઠામાં કોરોના વાયરસનો ચેપ પ્રસરી રહ્યો છે. જોકે, છેલ્લા બે દિવસથી એક પણ પોઝિટિવ કેસ ન નોંધાતા તંત્ર અને પ્રજાજનો હાશકારો અનુભવી રહ્યા છે. દરમિયાન બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના વાસણી ગામના યુવકનો અમદાવાદ ખાતે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, યુવક વાસણી ગામે તેના પરિવારજનોને અગાઉ મળી ગયો હોઈ બુધવારે આરોગ્ય વિભાગ દ્વારા ગામમાં સર્વે કરાયું હતું. તેમજ યુવકના સંપર્કમાં આવેલા પરિવારજનો સહિતના વ્યકિતઓને હોમ કોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા. આ પોઝિટિવ કેસ બનાસકાંઠા જિલ્લામાં ગણત્રીમાં નહિ લેવાય. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં અત્યાર સુધીમાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે ૨૧ જ્યારે વાવ તાલુકાના આકોલી ગામના ૪૮ વર્ષના મહિલા, માવસરી ગામના ૨૨ વર્ષના પુરુષ, દૈયપ ગામનો ૨૦ વર્ષનો પુરુષ, મીઠાવીચારણ ગામના ૨૮ વર્ષનો પુરુષ, થરાદનો પુરુષ મળી વર્તમાન સમયે બનાસકાંઠામાં કોરોના પોઝિટિવ વ્યક્તિઓની સંખ્યા ૩૦ થવા પામી છે. જ્યારે પાલનપુર તાલુકાના ભાગળ (જગાણા)ના વૃદ્ધાનું કોરોનાથી મોત નિપજ્યું છે.

પ્રાંતિજ ખાતે નગરપાલિકાના કોર્પોરેટરના પિતાનું અવસાન થતા સામાજીક રીવાજો બંધ રાખ્યા

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાના કોર્પોરેટરના પિતાનું અચાનક અવસાન થતાં કોરોના વાયરસને લઈને સમાજના રીત રીવાજો સહિતની પાછળની ક્રિયાઓ બંધ રાખી તો અગિયાર હજારનો ચેક સીએમ રાહત ફંડમા ચેક અર્પણ કર્યો.

હાલ કોરોના વાયરસને લઈને દેશ સહિત વિદેશોમાં હાહાકાર મચી ગયો છે ત્યારે દેશભરમાં લોકડાઉન કરવામાં આવ્યું ત્યારે લોકડાઉન અને કોરોના વાયરસ વચ્ચે પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટર દિપકભાઈ કડીયાના પિતા હસમુખભાઈ મણીભાઈ કડીયાનું અવસાન થતા દિપકભાઈ કડીયા દ્વારા મરણ પાછળ સમાજના રીતી રીવાજોને બંધ રાખીને હાલ કોરોનાના વાયરસ અને સંક્રમણને લઈને યોગ્ય નિર્ણય લઈને બંધ રાખી તથા મરણ પાછળ થતો ખર્ચની રકમનો હાલ સદઉપયોગ કરી જેમાં મુખ્યમંત્રીના રાહત ફંડમા અગિયાર હજારનો ચેક પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયાને અર્પણ કર્યો હતો. આ પ્રસંગે ભાજપના શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ પણ ઉપસ્થિત રહ્યાં હતાં તો દિપકભાઈનો આ નિર્ણય ખરેખર સમાજ અને અન્ય સમાજ માટે પણ પ્રેરણા રૂપ છે તેમ કહીએ તો નવાઈ નહી.

શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરાના બાળકોનો લોકડાઉનમાં ઓનલાઈન અભ્યાસ

ધનસુરા, તા. ૨૯

શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરાના બાળકો ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા છે. હાલ લોકડાઉનમાં વર્ગ શિક્ષક શાહ આશિષભાઈ અને આચાર્ય જીજ્ઞેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરાના બાળકોને ઓનલાઈન અભ્યાસ કરાવવામાં આવે છે. બાળકોને શાળામાંથી દરરોજ એક અવનવી પ્રવૃત્તિ અને ભણવાનું કાર્ય સોંપવામાં આવે છે જેમાં બાળકો અને તેમના વાલી ભાગ લઈ આ કાર્ય સારી રીતે પાર પાડે છે. અને સાથે સાથે સ્કૂલ ની વિદ્યાર્થીની કશીશ અને અન્ય વિદ્યાર્થીનીઓ એ કોરોના ને લઈને આપેલી પ્રવૃત્તિ માં કોરોના વિષે વિડીયો બનાવ્યો હતો અન્ય બાળકો પણ વિડીયો બનાવી રહ્યા છે.આમ આ નાના બાળકો કોરોના વિશે સમાજ જનજાગૃતિનું કામ કોરોના યોધ્ધાઓની જેમ કરી રહ્યા છે. હાલ લોકડાઉનમાં શાળાના શિક્ષક આશિષભાઈ શાહ અને આચાર્ય જીજ્ઞેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ આ વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.



બનાસકાંઠાના બે હજારથી વધુ પશુપાલકો બનાસ ડેરી અને મેડીકલ કોલેજના પ્રયત્નોથી આરોગ્ય સેતુ એપ સાથે જોડાયા

વિશ્વના અનેક દેશ કોરોના વાઈરસની મહામારી વચ્ચે પસાર થઈ રહ્યા છે. દેશના વડાપ્રધાને લોકડાઉન જાહેર કર્યું તેને નાગરિકો સારો સહકાર આપી રહ્યા છે. બનાસ મેડિકલ કૉલેજ દ્વારા કોરોના હેલ્પલાઈન ચલાવવામાં આવે છે. જે બનાસ ડેરીના પશુપાલન વિભાગ દ્વારા દરેક ગામમાં જરૂરિયાત ધરાવતા દર્દીઓ સુધી પહોંચાડવામાં આવેલ છે. આરોગ્ય સેતુ એપ ગામડાના છેવાડાના માનવી સુધી પહોંચે અને તેનો તે યોગ્ય ઉપયોગ કરે તે માટે બનાસ ડેરીનો ડીએચ વિભાગ અને બનાસ મેડીકલ કોલેજ સંકલન કરી કામગીરી કરી રહેલ છે. જેથી જિલ્લામાં વધુ ને વધુ લોકો આરોગ્ય સેતુ એપ સાથે જોડાય. બનાસ ડેરીના ડીએચ વિભાગ દ્વારા ડો. કે. એન. પટેલની ટીમે લોકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરતા શીખવ્યું. આરોગ્ય સેતુ એપ દ્વારા કોરોના મહામારીની સાચી માહિતી ગામેગામના દૂધ ઉત્પાદકોને મળે તે માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત ડીસા તાલુકાના ૩૬ જેટલા વોટ્સએપ ગ્રુપ અને એક ફેસબુક ગ્રુપ તથા ડીસા તાલુકા દૂધ મંડળીના મંત્રીઓના ૩૮ વોટ્સએપ ગ્રુપ દ્વારા કુલ ૨૦૯૩ સભાસદોના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવી છે. તેનો ઉપયોગ દૂધ મંડળીઓના મંત્રીઓ અને પશુપાલકોએ શરૂ કર્યો છે. આ એપ્લિકેશનથી સભાસદોના કુટુંબોને કોરોના મહામારીની સાચી માહિતી સમયસર મળવા લાગી છે જેને પરિણામે કોરોના મહામારીથી બચવા માટેના ઉપાયોનો અમલ કરવાનું વધુ સરળ બન્યું છે. જેથી પશુપાલકો કોરોના વાયરસ સામે સુરક્ષિત રહી શકે. આ આરોગ્ય સેતુ એપ વધુ લોકો ડાઉનલોડ કરે તે માટે ડી એચ વિભાગના કર્મચારીઓ દ્વારા કામગીરી અવિરત ચાલુ છે.

પ્રાંતિજના તબીબ દ્વારા સીએમ ફંડ માટે પ્રાંતિજ મામલતદારને અગિયાર હજારનો ચેક અર્પણ કર્યો

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તબીબી તરીકે સેવા આપી રહેલ ડાંકટર મનુભાઈ જાની દ્વારા પ્રાંતિજ મામલતદારને સીએમ ફંડ માટે અગિયાર હજારનો ચેક અર્પણ કર્યો.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વર્ષોથી તબીબી તરીકે સેવા આપતા ડાંકટર મનુભાઈ જાનીએ હાલ કોરોનાની મહામારીમા આર્થિક રીતે નબળા વર્ગને મદદરૂપ થવા મુખ્યમંત્રીના રાહત ફંડમાં અગિયાર હજારનો ચેક પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાને અર્પણ કર્યો હતો. નાયબ મામલતદાર અશોકભાઈ પટેલ સહિત વિનોદભાઈ દરજી, રતિભાઈ ટેકવાણી, દિપ્તીબેન બ્રહ્મભટ્ટ તથા હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતા. મનુભાઈ જાની દ્વારા પોતાની તબીબી સેવાની સાથે દેશની સેવામા પણ યોગદાન આપ્યું હતું.

ભિલોડાના સુનોખ પંથકમાં કરીયાણાની કીટોનું વિતરણ

ભિલોડા તાલુકાના સુનોખ ગ્રામ પંચાયત મત વિસ્તારમાં સમાવિષ્ટ ગામ જેવા કે જાલીયા, નવા વક્તાપુર, નવી મોરી, વાંસેરા ગામ સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં કરીયાણાની કીટોનું વિતરણ કરાયું હતું. રાજપુત સમાજના સામાજીક કાર્યકરો ધ્વારા કોરોના વાયરસની મહામારી દરમ્યાન કરીયાણાની કીટોનું વિતરણ કરાયું હતું. ઘઉંનો લોટ, ચા, ખાંડ, મરચું, સાબુ, ચોખા, તેલ, હળદર, તુવેરની દાળ, ધાણા-જીરૂ સહિત વિવિધ ચીજવસ્તુઓ અપાઈ હતી. જરૂરીયાતમંદ પરીવારોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

બનાસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલના કર્મચારી સાચા અર્થમાં 'કોરોના વોરિયર્સ'

પાલનપુર, તા. ૨૯

જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા વધી છે. જેમાં કોરોના મહામારીનો સામનો કરી રહેલ બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના કારણે પાલનપુરના ભાગળ(જ) ગામના ૬૫ વર્ષના વૃદ્ધ મહિલા દર્દીનું અવસાન થતાં શોક વ્યાપ્યો છે. ગઈકાલે બનાસ મેડીકલ કોલેજની કોવીડ-૧૯ હોસ્પિટલમાં નિધન થયું હતું. કોરોના પોઝીટીવ વૃધ્ધ મહિલા દર્દીને હદય રોગ, કીડની અને ડાયાબીટીસની બીમારી હતી જ્યારે થોડા દિવસો અગાઉ જ તેઓ મુંબઈથી વતન ભાગળ(જ) આવેલા હતા. તેઓને કોરોનાના લક્ષણ જણાતા જ બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમના પુત્ર પણ કોરોના પોઝીટીવ છે, તે હાલમાં બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

આ દર્દીનું નિધન થતા બનાસ મેડિકલ કોલેજની ટીમ દ્વારા કોરોના વાયરસ મામલે સરકારની માર્ગદર્શિકા મુજબ મૃતદેહને સોડિયમ હાઈપોકલોરાઈટથી જંતુમુક્ત કરી દર્દીના સગાને જાણ કરી હતી. દીકરો કોરોના અસરગ્રસ્ત હોઈ કોઈ સ્વજન વૃધ્ધ મહિલાની અંતિમવિધિ બનાસ મેડિકલ કોલેજ ટીમ અને આરોગ્ય વિભાગે કરી હતી. કોરોના વચ્ચે વૃદ્ધાના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે મૃતકના ગામમાં લઈ જઈ દફનવિધિ કરી આપી હતી. આ મૃતદેહને દફનવિધિના સ્થળ સુધી પહોચાડવાનું અને વિધિ કરવાનું કામ પોલીસની હાજરીમાં બનાસ મેડિકલ કોલેજના કર્મચારીઓએ પોતાની જાતની ચિંતા કર્યા વગર વૃધ્ધાની અંતિમવિધિ કરીને દર્શાવ્યું હતું કે તેઓ સાચા અર્થમાં કોરોના વોરિયર્સ છે. બનાસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ના કોરોના યોદ્ધાઓની મહામારી સમયે કામગીરી જિલ્લામાં આશીર્વાદ સમાન બની છે.

પાલનપુર તાલુકાના મોટા ગામે બુધવારે સવારે બે મકાનોમાં આગ લાગતાં અફરા તફરી મચી

પાલનપુર તાલુકાના મોટા ગામે બુધવારે સવારે બે મકાનોમાં આગ લાગતાં અફરા તફરી મચી જવા પામી હતી. જ્યાં નગરપાલિકાના સ્ટાફ દ્વારા પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. પાલનપુર તાલુકાના મોટા ગામે બુધવારે સવારે બે ઘરમાં આગ લાગતાં ભારે અફરા તફરી મચી જવા પામી હતી. દિવા કરતી વખતે દીવાસળીનું પદકુ પડતાં આગ લાગી હતી. જે જોતજોતામાં બીજા ઘરમાં પણ પ્રસરી ગઈ હતી. આગના પગલે ઘરના સભ્યો બહાર દોડી ગયા હતા. દરમિયાન આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. જેમના દ્વારા જાણ કરવામાં આવતાં પાલનપુર નગરપાલિકાના ફાયર ફાયટર સાથે દોડી આવેલા સ્ટાફે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ તેમજ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પરપ્રાંતીય ભાઈઓ (૧૮વ્યક્તિ) માટે રાસન ભરેલી કીટનું વિતરણ કરવામાં આવ્યું છે જે પરપ્રાંતીય વ્યક્તિને આ કીટનું વિતરણ કારવામાં આવ્યું તેઓના સબંધી (યુપીમાં રહેતા) ગઈકાલે દિલ્લી સ્થિત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિમાં હેલ્પલાઈન નંબર ઉપર તેમના સબંધી અરવલ્લી સ્થિત મોડાસા શહેરમાં ડુંગરવાડા ચોકડી પાસે ફસાયેલા છે અને તેમની પાસે જમવા માટેના તો ભોજન અથવા રસોઈ બનાવવા માટે રાસન(કરીયાણું) પણ નથી માટે તેમને મદદ કરવા માટે માટે જણાવવામાં આવેલ જેની ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા ગંભીર નોંધ લઈ તરત જ એક્સનના મોડમાં આવિ ગઈ અને તરત જ ગુજરાત પ્રદેશમાં જાણ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતી દ્વારા અરવલ્લી જીલ્લા કોંગ્રેસનો સંપર્ક કરતા જિલ્લા પ્રમુખ દ્વારા મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ નો સંપર્ક કરવામાં આવ્યો હતો અને ગણતરીની મિનિટોમાં આ પરપ્રાંતીયના ૧૮ વ્યક્તિઓનો સંપર્ક કરી તેમને મદદ કરવાની બાંહેધરી આપી હતી. લોકડાઉનને કારણે રાત્રે રાસનની દુકાનો બંધ હોવાથી બીજે દિવસે એટલે કે મંગળવારે સવારે ૧૦ વાગે તેમને રાસન તેમજ શાકભાજી (૨૦ થી ૨૫ દિવસ ચાલે તેટલું) પહોંચાડી જેરીતે કોંગ્રેસના કાર્યકરો દ્વારા ગણતરીની મિનિટોમાં મદદ પુરી પાડવામાં આવી તે બિરદાવવા જેવી છે. કોંગ્રેસના કાર્યકરો દ્વારા એમનું કર્તવ્યનું પાલન કર્યું હતું. સમગ્ર ઘટના ક્રમ ઉપર ટોચના નેતાઓની સીધી નજર હતી.

ઘરમાં રહો
સુરક્ષિત રહો